।। स्वगृहम् सुखमुत्तमम् ।।

# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ

## સંસ્થાનો ઇતિહાસ તથા સને ૨૦૨૧ થી નિમાયેલ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સફળ કામગીરીનો અહેવાલ:-

### સંસ્થાનો ઈતિહાસ:-

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ ગુજરાત રાજ્યની ટોચની સહકારી સંસ્થા છે. મહારાષ્ટ્ર રાજ્યમાંથી ગુજરાતનું વિભાજન થયા બાદ સદર સંસ્થા અસ્તિત્વમાં આવેલ. સમગ્ર ગુજરાતમાં જ્યારે કોઈપણ બેંક, નાણાં ધિરનારી સંસ્થાઓ કે અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા મકાન બનાવવા માટે લોનનું ધિરાણ કરવામાં ન આવતું હતું ત્યારે આ સંસ્થા દ્વારા ગૃહમંડળીઓને મકાન બનાવવા માટે લોનનું ધિરાણ કરવામાં આવેલ હતું. તેની મુખ્ય શાખા અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવી હતી અને તેનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્યમાં હતું. આ સંસ્થાએ એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયા તેમજ હુડકો પાસેથી લોન મેળવી ગરીબ, નબળા તેમજ મધ્યમ વર્ગના લોકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તે હેતુથી ૬૧૨૪ ગૃહમંડળીઓના ૨,૩૨,૮૩૬ વસવાટો માટે ધિરાણ પૂરૂં પાડવાનું ભગીરથ કાર્ય કરેલ હતું.

સદર સંસ્થા તેની લેણદાર સંસ્થાઓ એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયા તથા હુડકોમાં લોનની રકમ સમયસર જમા કરાવી શકેલ નહી અને જેના કારણે સંસ્થાએ સને ૧૯૮૪ થી ધિરાણની પ્રવૃતિ બંધ કરવી પડેલ હતી. જેથી સંસ્થા ઉપર આશરે રૂ.૨૨૫૬ કરોડનો બોજો થવા પામેલ હતો અને સંસ્થા ખોટમાં આવી ગયેલ હતી.

આવા સમયે સંસ્થાનું નેતૃત્ત્વ સ્વ.ભાવનાબેન ચીખલીયાના હાથમાં આવેલ હતુ, તેઓએ પોતાની અંગત વગનો ઉપયોગ કરી અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટર્સને સાથે રાખી કેન્દ્રીય નાણાં મંત્રીશ્રી યશવંત સિન્હા સાહેબ તથા એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાના અધિકારીઓની મુલાકાત કરી સંસ્થાને વ્યાજરાહત આપવા અને દેવામુક્ત કરવા પ્રયત્ન હાથ ધરેલ હતા. સદર પ્રયત્નોનો લાભ સંસ્થાને સને ૨૦૧૬ માં મળેલ અને એલ.આઇ.સી. ઓફ ઇન્ડિયા તથા હુડકો તરફથી વ્યાજરાહત યોજના મંજુર થઇ આવેલ હતી.

ત્યારબાદ સંસ્થામાં ૫૦ ટકા વ્યાજરાહત યોજના અમલમાં લાવી વ્યાજરાહત યોજના હેઠળ ઉમદા વસુલાત મેળવી એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાને ચુકવવાનો અંતિમ હપ્તો તા.૩૦.૬.૨૦૨૨ ના રોજ ચુકવી આપવામાં આવેલ અને સંસ્થાને દેવામુક્ત કરવામાં આવેલ.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સંનિષ્ટ પ્રયાસથી સને ૧૯૯૪ બાદ સંસ્થાને પ્રથમવાર સને ૨૦૧૮ થી પુન: નફો કરતી થયેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન પણ સંસ્થાને રૂ.૪.૯૨ કરોડનો નફો થયેલ છે.

### બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સફળ કામગીરીનો અહેવાલ:-

તા.૭.૯.૨૦૨૧ ની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મિટીંગમાં ચેરમેનશ્રી ડૉ.દેવરાજભાઇ પી.ચીખલીયા તથા વાઇસ ચેરમેનશ્રી સ્વ.હરેશભાઇ જે.દેસાઇ તથા વર્તમાન વાઇસ ચેરમેનશ્રી જયંતિભાઇ ટી.લીખીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. સંસ્થામાં તા.૭.૯.૨૦૨૧ થી અસ્તિત્વમાં આવેલ બોર્ડ ઓફ ડીરેક્ટર્સને વિશ્વાસમાં લઇ સંસ્થાના ચેરમેનશ્રી અને વાઇસ ચેરમેનશ્રીએ સંસ્થાની પ્રગતિ અને વિકાસ સારું જરુરી નિર્ણયો/ઠરાવો કરી સરકારશ્રી, ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા નાણાં ધિરનારી સંસ્થામાં રુબરુ મિટીંગ તથા દરખાસ્ત કરી સંસ્થાએ હકારાત્મક પરિણામ પ્રાપ્ત કરેલ છે.









## (૧)સભ્ય ગૃહમંડળીઓને લોન ધિરાણ વખતે સંસ્થાએ કપાત કરેલ શેરોની રકમ પરત કરવા તથા બાકી લેણી રકમ સામે મજરે આપવા બાબત :-

અત્રેની સંસ્થાએ સભ્ય ગૃહમંડળીઓની મિલ્કત રજીસ્ટર્ડ દસ્તાવેજથી ગીરો લઇ લોનનું ધિરાણ કરેલ અને ધિરાણ વખતે ૮ ટકા પ્રમાણે શેરોની રકમ કપાત કરેલ હતી. સને ૧૯૯૫ થી ૨૦૧૬ ગૃહમંડળીઓએ લોન ચુકતે જમા કરાવેલ હોવા છતાંય સંસ્થા તરફથી લોન કપાત શેરોની રકમ પરત નહીં કરવાથી તેમની વ્યાજબી અને કાયદેસરની માંગણી અનેક વખત કરવામાં આવતી હતી.

આમ ઉપરોક્ત બાબતને સંસ્થાના બોર્ડ ઓફ ડીરેક્ટર્સશ્રીઓએ અગત્યતા ગણી પ્રાથમિકતા આપી તા.૩૧.૩.૨૦૨૩ સુધીમાં ગૃહમંડળીના લોન કપાત શેરોની રકમ રૂા.૬૬.૧૫ લાખ ચુકવી આપેલ છે. જે ગૃહમંડળીઓની થોડી બાકી લેણી રકમ હોય તેવી ગૃહમંડળીઓની લોન કપાત શેરોની રકમ લોન બાકી લેણામાં મજરે આપવાની કામગીરી પણ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા કરવામાં આવેલ છે.

## (૨)એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા સાથે વ્યાજ માફી યોજના અન્વયે થયેલ કાર્યવાહી બાબત :-

સંસ્થાએ એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયા પાસેથી લોન મેળવેલ હતી. જેમાં એલ.આઇ.સી.ના પત્રમાં દર્શાવેલ હિસાબ મુજબ સંસ્થા પાસે મુદ્દલ પેટે રૂા.૧૫૬.૫૧ કરોડ તથા ચઢત વ્યાજ પેટે રૂા.૨૫૯૬.૦૨ કરોડ બાકી લેણા નીકળતા હતા. સંસ્થાના સરવૈયા મુજબ સાદા વ્યાજે રૂા.૭૭૨.૨૨ કરોડ નીકળતા હતા. સંસ્થામાં અગાઉ પૂર્વ ચેરપરસનશ્રી સ્વ.ભાવનાબેન ચિખલીયાના અધ્યક્ષસ્થાને એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયામાં દરખાસ્ત કરતાં તા.૨.૫.૨૦૧૨ ના પત્રથી એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાની વ્યાજરાહત યોજના કેટલીક શરતો મુજબ મંજુર થઇ આવેલ પરંતુ એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાની પ્રતિકુળ અશક્ય શરતોના કારણે અમલ થઇ શકેલ ન હતો. જે વ્યાજરાહત યોજનાનો આધાર લઇ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા આગળ વધવા નિર્ણય કરેલ હતો. સંસ્થાના તત્કાલીન માન.ચેરમેનશ્રી, વા.ચેરમેનશ્રી, બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તરફથી ભારત સરકારના તત્કાલીન નાણાંમંત્રી માનનીય શ્રી અરૂણ જેટલીજી અને તત્કાલીન ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી તથા ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ તથા ભારત સરકારના કેન્દ્રીય રાજ્યમંત્રી માનનીયશ્રી પુરૂષોત્તમભાઇ રૂપાલાજી મારફતે એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાને વ્યાજ માફી માટે તા.૨૫-૦૭-૨૦૧૬ ના રોજ જા.નમં.૧૪૬૭ થી દરખાસ્ત કરેલ હતી. કેન્દ્રિય રાજ્યમંત્રીશ્રી પુરષોત્તમભાઇ રૂપાલા સાહેબ તથા માનનીય નાણાંમંત્રીશ્રી અરૂણ જેટલીજી દ્વારા ખાસ કિસ્સા તરીકે આ દરખાસ્ત મંજુર કરાવવામાં આવેલ. જે દરખાસ્ત મુજબ મુદ્દલની રકમ રૂા.૧૫૬.૫૧ કરોડ પૈકી સંસ્થાએ અગાઉના વર્ષમાં જમા કરાવેલ રકમ રૂા.૩૦.૯૭ કરોડ બાદ કરતાં મુદ્દલની રકમ રૂા.૧૨૫.૫૪ કરોડ ના અર્ધ વાર્ષિક ૧૨.૫૫ કરોડ ના હપ્તા સાથે પાંચ વર્ષમાં મુદ્દલ જમા કરાવવા બાબતની વ્યાજ માફી માટેની દરખાસ્ત મંજુર થયેલ હતી. સંસ્થાએ દરખાસ્તની શરત મુજબ રૂા.૧૨.૫૦ કરોડ છમાસીક હપ્તાની રકમ તા.૩૦.૬.૨૦૨૨ ના રોજ એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયામાં સમયસર જમા કરાવી લોન ચુકતેનું પ્રમાણપત્ર મેળવેલ છે.

## (૩)નફો:-

સંસ્થા સને ૧૯૯૫ થી ૨૦૧૭ સુધીમાં ખોટ થવા પામે, પરંતુ બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સંનિષ્ઠ પ્રયાસોથી ઉપરોક્ત કાર્યવાહી થયેથી અગાઉના વર્ષની ખોટ રૂા.૬૮૦.૩૩ કરોડ સરભર થયા બાદ સને ૨૦૨૧-૨૨ માં રૂા.૩.૧૬ કરોડ તથા સને ૨૦૨૨-૨૩ માં રૂા.૪.૯૨ કરોડ નફો થવાથી સંસ્થા આર્થિક રીતે સક્ષમ થવા પામેલ છે. જે બોર્ડ ઓફ ડીરેક્ટર્સ માટે ગૌરવ લેવા જેવી બાબત છે.






## (૪)ડીવીડન્ડ:-

સંસ્થામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂા.૪.૯૨ નફો થયેલ છે. સદર નફાના કારણે વાર્ષિક સાધારણ સભાએ સભ્ય ગૃહમંડળીઓને ૬૦૨૭ મંડળીઓને શેરો ઉપર શેરોની રકમ ઉપર ૪ ટકા પ્રમાણે ડીવીડન્ડ વહેંચવા ઠરાવ-નિર્ણય કરેલ છે. વાર્ષિક સાધારણ સભામાં થયેલ ઠરાવ મુજબ સભ્ય મંડળીઓને ડિવીડન્ડની રકમ ચુકવી આપવા ઠરાવેલ છે.

## (૫)ઓડીટ વર્ગ :-

સંસ્થાના અગાઉના નાણાંકીય વર્ષમાં સને ૧૯૯૪-૯૫ થી ઓડીટ વર્ગ “ડ” પ્રાપ્ત થતો હતો. પરંતુ સંસ્થાની લેણદાર સંસ્થાઓ એલ.આઇ.સી.ઓફ ઇન્ડિયાના સંસ્થાના વ્યાજમાફ તથા હુડકોના વ્યાજરાહતના કારણે તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તરફથી લેવાયેલ હકારાત્મક નિર્ણયના કારણે સંસ્થાની નાણાંકીય સ્થિતિ અને વહીવટીય કામકાજમાં સુધારાના કારણે સરકારશ્રી દ્વારા નિમાયેલ ઓડીટરશ્રી દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં સંસ્થાને ઓડીટ વર્ગ “બ” આપવામાં આવેલ છે. આમ, સંસ્થામાં ઓડીટ વર્ગ “ડ” માંથી ઓડીટ વર્ગ “બ” મેળવી સંસ્થાની નાણાંકીય સધ્ધરતા તથા વહીવટીય કામગીરીમાં સુધારો પ્રાપ્ત થયેલ છે તે બાબતને સરકારશ્રી દ્વારા નિયુક્ત ઓડીટર દ્વારા અનુમોદન મળેલ છે.


## (૬)વ્યાજ રાહત:-

સંસ્થાને વ્યાજરાહતના કારણે ઉભું થયેલ વ્યાજરાહત ફંડનો લાભ સંસ્થાની સભાસદ ગૃહમંડળીઓને મળે તે હેતુથી સંસ્થાના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મિટીંગમાં ૫૦ ટકા વ્યાજરાહત આપવા બાબતે નિર્ણય લીધેલ હતો. સંસ્થાએ બાકીદાર સભાસદોને વ્યાજરાહતનો લાભ મેળવવા પ્રોત્સાહીત કરીને બાકીદાર સભાસદોને દેવામાંથી મુક્ત કરેલ છે. સંસ્થાના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા સોસાયટી તથા બાકીદાર સભાસદો પ્રત્યે સહાનુભૂતિ પુર્વક વિચારણા કરી વ્યાજરાહત યોજનાનો અમલ કરવાથી કુલ ૨૩૯ ગૃહમંડળીઓ તથા ૮૮૯ વ્યક્તિગત સભાસદોને કુલ રૂા.૩૦,૬૯,૫૧,૦૭૩ વ્યાજરાહત આપવામાં આવેલ છે. તેમજ દાવાવાળી ૨૦ ગૃહમંડળીઓ તથા ૩૮૯ બાકીદાર સભાસદોએ દાવા લેણાંની બાકી રકમ રૂા. ૧૧,૦૭,૦૩,૬૫૮ જમા કરાવી દાવા વ્યાજમાં રકમ રૂા.૫,૩૮,૧૮,૨૨૮ ની વ્યાજરાહત મેળવેલ છે. આમ બાકીદાર ગૃહમંડળીઓ/બાકીદારોને દેવામુક્ત કરવાનો સરાહનીય માનવીય કામગીરી બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા કરવામાં આવેલ છે.

## (૭)સરકારશ્રી દ્વારા નિમાયેલ નાયબ મામલતદાર કક્ષાના અધિકારીની ખાસ વસુલાત અધિકારી તરીકેની જમીન મહેસુલ અન્વયે કાર્યવાહી કરવા બાબત:-

સંસ્થામાં ખાસ વસુલાત અધિકારી હસ્તકની સોસાયટીઓમાં વસુલાત સારૂં સરકારશ્રી દ્વારા નિમાયેલ નાયબ મામલતદાર કક્ષાના અધિકારીએ કાર્યવાહી કરવાની હોય છે. સદર જગ્યા તા.૩૦.૭.૨૦૨૨ થી ખાલી પડેલ હતી. માનનીય ચેરમેનશ્રી દ્વારા ગુજરાત રાજ્યના સહકાર મંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રીની વારંવાર મુલાકાતો લઇ અને કલેકટરશ્રી, અમદાવાદની પણ મુલાકાત કરી સદર જગ્યા ભરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેના ફળ સ્વરૂપે સદર જગ્યા હાલ ભરાયેલ છે. અને વસુલાતની કામગીરીને વેગ મળવા પામેલ છે.





## (૮)પુન:ધિરાણ યોજના :-

સંસ્થાના ધિરાણવાળી ગૃહમંડળીના બાંધકામને અંદાજીત ૪૦ વર્ષથી વધુ સમયગાળો થવાથી બાંધકામ જર્જરીત હોવાના કારણે તા.૩૦.૯.૨૦૨૩ ની બોર્ડ બેઠકમાં સભાસદ ગૃહમંડળીઓના સભાસદોને મકાન રીનોવેશન કરવા, પુનઃનિર્માણ કરવા તેમજ નવા મકાન ખરીદવા વ્યક્તિગત ધોરણે લોન આપવા બાબતે ચર્ચા વિચારણા કરી સંસ્થાના પેટાનિયમોમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ હતા. જેને તા.૩૦.૯.૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં મંજુર કરવામાં આવેલ હતા. સદર પેટાકાયદા સુધારાની દરખાસ્તને માનનીય રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ.રા.ગાંધીનગર દ્વારા તા.૨૮.૧૨.૨૦૨૩ ના પત્રથી મંજુરી મળેલ છે.જેથી સંસ્થા પુનઃ તેના મુળ ઉદ્દેશ અનુસાર ધિરાણ કરવા જઇ રહી છે. જેનો લાભ સભ્ય ગૃહમંડળીઓના સભાસદોને મળશે અને સભાસદોને મોટું તથા સુખસુવિધાવાળુ અદ્યતન બાંધકામ મળવાના સંજોગો ઉભા થયેલ છે.

આ સંસ્થાએ ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ લોકોને પોતાની ઘરનું ઘર મળી રહે તેવા શુભઆશયથી ધિરાણ આપવાનું કાર્ય હાથ ધરેલ અને સંચાલક મંડળ પ્રથમથી જ ગૃહમંડળીઓના સભાસદોના હિતને કેન્દ્રસ્થાને રાખી પોતાની મુળભુત ફરજો બજાવવામાં સતત સક્રિય અને તત્પર રહ્યું છે અને આજે વર્તમાન સમયમાં સંસ્થાના હોદ્દેદારોના કુશળ વહીવટના કારણે સંસ્થા પુનઃ પગભર થઇ વકાસના પંથે કાર્યરત થયેલ છે. ગુજરાતના સહકારી મોડેલને ધ્યાને રાખી માનનીય વડાપ્રધાનશ્રીએ પણ કેન્દ્રિય કક્ષાએ સહકારી મંત્રાલયની સ્થાપના કરી છે અને તેનું સુકાન માનનીયશ્રી અમિતભાઇ શાહ સાહેબને સોંપેલ છે. તેઓના માર્ગદર્શન હેઠળ સહકારી ક્ષેત્રમાં આમુલ પરિવર્તન લાવવા માટેની શ્રેણીબધ્ધ યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવેલ છે. ત્યારે સહકારી ક્ષેત્રમાં આવનારા દિવસો ખુબ જ ઉજ્જવળ રહેશે. વધુમાં છેવાડાના માનવીને ઘરનું ઘર મળી રહે તેવા વિચારને સાકાર કરતી આ સંસ્થાનું પણ સહકારી ક્ષેત્રે અમૂલ્ય યોગદાન રહ્યું છે અને ભવિષ્યમાં પણ રહેશે.

સંસ્થાના ચેરમેનશ્રી તરીકે હાલ ડૉ.દેવરાજભાઇ પી.ચીખલીયા સને ૨૦૨૧ થી પોતાની સેવાઓ આપી રહેલ છે. તેઓના કુશળ નેતૃત્ત્વમાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સહયોગથી સંસ્થા પોતાના મુળભુત ઉદ્દેશ મુજબ આગામી સમયમાં સભાસદ મંડળીઓના સભાસદોને પુનઃધિરાણ કરવા જઇ રહેલ છે. તદ્દઉપરાંત સંસ્થા ગૃહમંડળીઓમાં પુનઃનિર્માણની કાર્યવાહીમાં સક્રિય ભુમિકા ભજવી નવા બાંધકામ થકી ગૃહમંડળીઓને સલામતી પુરૂં પાડવાનું આયોજન પણ કરી રહેલ છે. સંસ્થા ઘણા લાંબા સમય બાદ સંસ્થા ફરીથી જરૂરિયાતમંદ લોકોને ઘર બનાવવા માટે પુનઃધિરાણ યોજના હેઠળ સંસ્થાની સભાસદ ગૃહમંડળીઓ તથા તેના સભાસદોને ધિરાણ કરવા જઇ રહી છે.

**આમ સને ૨૦૨૧ થી ચેરમેનશ્રી ડો.દેવરાજભાઇ પી.ચીખલીયા તથા વાઇસ ચેરમેનશ્રી જયંતિભાઇ ટી.લીખીયાના કાર્યકાળ દરમ્યાન બોર્ડ ઓફ ડીરેક્ટર્સના હકારાત્મક પ્રયાસોના કારણે વહીવટીતંત્રના નિષ્ઠાપુર્વકના સહયોગથી સંસ્થાએ પ્રગતિ અને વિકાસ પ્રાપ્ત કરેલ છે અને સહકારથી સમૃદ્ધિના સુત્રને સાર્થક કરેલ છે.**



રાહત | LIC, હુડકોનો 2256 કરોડનો બોજો ઊંચ્યોઃ કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના પ્રયાસથી સંસ્થા ફરીથી ધિરાણ અપાશે

### મકાનવાંચ્છુ ગરીબ અને મધ્યમ વર્ગને 40 વર્ષે GSHFC ધિરાણ આપશે

- **હાઉસિંગની બોર્ડ મીટિંગમાં લોન માટેના એપ્લિકેશન ફોર્મ લોન્ચઃ 1 જાન્યુઆરી, 2024થી ધિરાણ શરૂ**

નવગુજરાત સમય > અમદાવાદ

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મકાન માટે યોગ્ય ધિરાણ મળે તથા ગૃહ મંડળીઓ પણ આવાસ બાંધી શકે તે માટે કાર્યરત કરવામાં આવેલા ગુજરાત સ્ટેટ કો-ઓ હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ. દ્વારા વર્ષ 1984માં ધિરાણ બંધ કરવામાં આવ્યું હતું. સંસ્થાના નેતૃત્વના પ્રયાસથી સંસ્થાનો કરોડો રૂપિયાનો બોજો પૂરો થયો છે અને ફરીથી સંસ્થા નફો કરતી થઇ છે. તેના ફળસ્વરૂપ 40 વર્ષ બાદ 1 જાન્યુઆરી, 2024થી સંસ્થા દ્વારા ગરીબ- મધ્યમ વર્ગને ધિરાણ આપવામાં આવશે. અન્ય બેંકોની માફક 'જડ વલણ'ને બદલે થોડી ફ્લેક્સિબિલિટી સાથે ધિરાણ શરૂ કરવાનો નિર્ધાર સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં લેવામાં આવ્યો છે. આ સફળતા માટે કેન્દ્રીય સહકારી મંત્રી અમિત શાહે અંગત રસ લીધો હતો.

ગુજરા સ્ટેટ કો.ઓ. હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશન દ્વારા LIC અને હુડકો પાસેથી કરોડોની લોન મેળવી ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોતાનું મકાન મળી રહે તેવા પ્રયાસ કર્યા હતા. તેના માધ્યમથી 6124 ગૃહમંડળીના 2,32,836 વસવાટો માટે ધિરાણ પૂરું પાડવામાં આવ્યું હતું. જોકે, ગૃહ મંડળીઓ-હાઉસિંગ સોસાયટી દ્વારા સમયસર રકમ ન જમા કરાવાતાં સંસ્થા પર રૂ. 2256 કરોડનો બોજો થઇ ગયો હતો. સંસ્થા ખોટમાં આવી જતાં 1984થી ધિરાણ પ્રવૃત્તિ બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાનું સુકાન સાંસદ સ્વ. ભાવનાબેન ચિખલિયાને સોંપાયું હતું. તેમણે તત્કાલીન નાણાંમંત્રી યશવંત સિંહાની મધ્યસ્થીથી LIC અને હુડકોના દેવામાંથી સંસ્થા મુક્ત થાય તેવા પ્રયાસ કર્યા હતા. તેના ફળ સ્વરૂપ વ્યાજ રાહત યોજના મંજૂર થઇ હતી. સંસ્થા દ્વારા મુદ્દલની ચૂકવણી કરી દેવાઇ અને સંસ્થા બોજા મુક્ત થઇ હતી. વર્તમાન સહકાર મંત્રી અમિત શાહ દ્વારા ફરીથી ધિરાણ શરૂ થાય તેવા પ્રયાસ હાથધરવામાં આવ્યા હતા. શુક્રવારે સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ મળી હતી જેમાં બિપીન ગોતા, દેવરાજ ચિખલિયા, ડોલર કોટેચા સહિતના સિનિયર ડિરેક્ટરોએ 1 જાન્યુઆરી 2024થી ફરીથી ધિરાણ માટેની જાહેરાત કરી લોન ફોર્મ લોંચ કર્યું હતું.

**સહકાર મંત્રીની પ્રયાસથી લોકોને રાહત**

બોજાને કારણે લાંબા સમય સુધી ગુજરાત સ્ટેટ હાઉસિંગ કોર્પોરેશન ધિરાણ આપી શક્યું નહીં. યોગ્ય રજૂઆતોને પગલે LIC અને હુડકો દ્વાર હાઉસિંગ કોર્પોરેશનનું વ્યાજ માફ કરવામાં આવ્યું. મુદ્દલ જમા કરી દેવામાં આવ્યું. હવે ફરીથી સંસ્થા નફો કરતી થઇ છે. સહકાર મંત્રી અમિત શાહે પણ પ્રયાસ કર્યા હતા, તેને પગલે ફરીથી ધિરાણ શરૂ કરાશે.

**ડોલર કોટેચા,** (ચેરમેન, ખેતી બેંક)

**નવા વર્ષથી ધિરાણ શરૂ કરાશે**

સંસ્થા દ્વારા 1984માં ધિરાણ બંધ કરી દેવામાં આવ્યું હતું. ખોટ કરતી સંસ્થા હવે નફો કરતી થઇ છે. તમામ બોજો પૂરો થઇ ગયો છે. તેને પગલે બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં ફરીથી ધિરાણનો નિર્ણય લેવાયો છે અને સંસ્થા છેવાડાના લોકોને મદદરૂપ થશે.

**ડો. દેવરાજ ચિખલિયા (ચેરમેન)**

**હાઉસિંગ સોસોયટીની રિકવરી આવવા લાગી છે જે ખૂબ જ પોઝિટિવ બાબત છે**

સંસ્થાનો બોજો પૂરો થઇ ગયો છે. હાઉસિંગ સોસાયટીઓની વર્ષોથી લેવાની નીકળતી રકમની રિકવરી પણ થવા લાગી છે જે ખૂબ જ પોઝિટિવ બાબત છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ધિરાણ શરૂ થશે જેને પગલે પણ સંસ્થાની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. - **એસ.એસ. ઝાલા** (ઇન્ચાર્જ એમડી)